જા.નં. નિઅને અસ/અપણ-૨/૫૯૬/૦૭.
નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ,
સહકારી ખાતું, ગુજરાત રાજ્ય, વીગ-બી,
ચોથેમાળ,કૃષિભવન, પાલડી, અમદાવાદ.
ફો નં.૨૬૫૭૭૩૮૨/૯૧,ફેક્સ નં.૨૬૫૭૭૩૮૨
ઈ મેઈલ: exoff-agri-ahd@gog.in
તારીખ:- ૪/૭/૦૭.

## પરિપત્ર

વંચાણે લીધા :- (૧) નિરીક્ષણ અને અન્વેષણ સમિતિની માર્ગદર્શિકા-૧૯૮૮ના પ્રકરણ-૨ના પારા (૩)(૧) અને (૩)(૨)

(૨) અત્રેના તા:૧૮/૧૨/૯૮ના પરિપત્ર ક્રમાંક: નિ અને અસ/ અપણ / ૨૫૫૭/ ૯૮

(૩) અત્રેના તા: ૧૮/૭/૯૯ના પરિપત્ર ક્રમાંક: નિ અને અસ / અપણ/ ૮૦૨(૨)/૧૬૫૩/૯૯

(૪) નિ અને અસ/ઈનસ/૫૭/૭૮૯/૮૯ તા: ૨૩/૨/૮૯

વિષય :- પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના ઓડીટની પીરીયોડીસીટી અને પાત્રતા બાબત.

રાજ્યની પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને જિલ્લા દૂધ ઉત્પાદક સંઘના સતત અને સમવાય ધોરણે ઓડીટની કામગીરી નિરીક્ષણ અને અન્વેષણ ગુજરાત રાજ્ય, અમદાવાદ અને તેના નિયંત્રણ હેઠળના જિલ્લા કર્મચારીઓના સહકાર કરવામાં આવે છે. પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના સતત અને સમવાય ઓડીટ માટે તેની પીરીયોડીસીટી અને પાત્રતા નકકી કરવા ઉપરોકત વંચાણે અનુ.નં (૧)(૨)(૩) થી જરૂરી પધ્ધતિ નકકી કરવામાં આવેલ છે.

રાજ્યની પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને જિલ્લા દૂધ ઉત્પાદ ઓડીટ સંબંધે પ્રવર્તમાન અને બદલાયેલ સંજોગો તથા સંસ્થાઓની વધેલી કા અનુસંધાનમાં ઓડીટ પાત્રતા અને પીરીયોડીસીટીના ધોરણોમાં ફેરફાર માન. અ સચિવશ્રી (સહકાર) ના અધ્યક્ષપણા હેઠળ મળેલ તા:૫/૨/૨૦૦૭ના રોજની નિરી અન્વેષણ સમિતિની ૨૫ મી બેઠકમાં લેવાયેલ છે.

આ પરિપત્રથી વંચાણે લીધેલ અનુ.નં.૧,૨,૩ માં ઓડીટપાત્રતા અને પીરીયોડીસીટી માટે કરવામાં આવેલ જોગવાઈ અને સૂચનો આથી રદ કરવામાં આવે છે. અનુ.નં.૪ માં અંશતઃ ફેરફાર કરવામાં આવે છે. અને નવા વર્ષથી એટલે તાઃ૧/૭/૨૦૦૭થી નીચે જણાવ્યા પ્રમાણેના ધોરણોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. તેમજ નવા વર્ષમાં પીરીયોડીસીટી નકકી કરતી વખતે અને ઓડીટ માટે મંડળીઓની ફાળવણી કરતી વખતે નવા ધોરણોનો ચુસ્તપણે અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

(૧) ઓડીટ પાત્રતા અને પસંદગીના નવા નકકી ધોરણો નીચે મુજબ છે.

| અ.નં. | ઓડીટરની કક્ષા | ઉથલાનું પ્રમાણ (વાર્ષિક) |
|---|---|---|
| ૧ | સબ ઓડીટર | રૂ.૫૦ /– લાખ સુધી |
| ૨ | ઓડીટર ગ્રેડ–૨ | રૂ. ૫૦/– લાખથી રૂ. ૧/–કરોડ |
| ૩ | ઓડીટર ગ્રેડ–૧ | રૂ. ૧/– કરોડથી રૂ. ૨/– કરોડ |
| ૪ | સ્પેશ્યલ ઓડીટર, વર્ગ–૨ | રૂ. ૨/– કરોડથી વધુ... |

(૨) પીરીયોડીસીટી નકકી કરવા બાબત નકકી કરેલ નવા ધોરણો.

૧: ત્રિમાસિક પાત્રતા :– રૂ.૨૫ લાખથી વધુ ઉથલાવાળી મંડળીઓના ત્રિમાસિક ધોરણે ઓડીટ કરવા.

૨: છ માસિક પાત્રતા :– રૂ. ૧૦ થી ૨૫ લાખ સુધીના ઉથલાવાળી મંડળીઓના છ માસિક ધોરણે ઓડીટ કરવા. પરંતુ જે મંડળીઓમાં આગલા બે વર્ષમાં નાણાકીય અનિયમિતતા હોય અને ઓડીટ વર્ગ " અ " અને " બ " સિવાય ક્ષેત્ર તેવા કિસ્સામાં ત્રિમાસિક ધોરણે ઓડીટ કરવા.

૩: વાર્ષિક પાત્રતા :– (૧) રૂ. ૫ થી ૧૦ લાખ સુધીના ઉથલાવાળી/બંધ મંડળી તથા સ્થગિત મંડળીઓ જે વર્ષ દરમિયાન સંઘમાં દૂધ ભરતી ન હોય અથવા નવી રચાયેલ મંડળીઓ કે લાખ રૂપિયા સુધીનો ઉથલો હોય તેના વાર્ષિક જુલાઈથી સપ્ટેમ્બર અને ઓકટોબરથી ડીસેમ્બર સુધીમાં ઓડીટ કરવા.

૪: સીઝનલ મંડળીઓ માટેના ઓડીટ માટે કોઈ ચોકકસ ધોરણ નહી પરંતુ જયારે મંડ દૂધ ભરતી થાય અને હિસાબી દફતર મળે ત્યારે ઓડીટ હાથ ધરવા.

રૂ.૨૫ લાખથી વધુ વાર્ષિક ઉથલો ધરાવતી મંડળીઓના ત્રિમાસિક ધોરણે નિયમિત ર કરવાના રહેશે. ઓડીટ યુનિટ નીચે મજબ ગણવાના રહે છે.

(૧) જે મંડળીઓના ત્રિમાસિક ધોરણે ઓડીટ કરવાપાત્ર છે તેના એક વર્ષના ચાર યુનિટ ગણવાના રહેશે.

(૨) જે મંડળીઓ છ માસિક ધોરણે ઓડીટ કરવાપાત્ર છે તેનો એક વર્ષના બે યુનિટ ગણવાના રહેશે.

(૩) જે મંડળીઓ વાર્ષિક ધોરણે ઓડીટ કરવાપાત્ર છે. તેનું એક વર્ષનું એક યુનિટ ગણવાનું રહેશે.

સ્થગિત ન હોય તેવી ચાલુ પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના ઓડીટ માટે ઓડીટ મહેકમને નીચે મુજબની મર્યાદામાં દિવસો ફાળવવાનાં રહે છે.

| ક્રમ નં. | વિગત / પાત્રતા | ફાળવેલ દિવસો |
|---|---|---|
| ૧ | બંધ તથા ફડચાની મંડળીઓ માટે | ૧ અથવા ઓછો દિવસ |
| ૨ | ૫ થી ૧૦ લાખનો ઉથલો / વાર્ષિક | ૧ થી ૨ દિવસ |
| ૩ | ૧૦ થી ૨૫ લાખ સુધીનો ઉથલો / છ માસિક | ૧ થી ૩ દિવસ |
| ૪ | ૨૫ થી ૫૦ લાખ સુધીનો ઉથલો / ત્રિમાસિક | ૨ થી ૩ દિવસ |
| ૫ | ૫૦ લાખથી ૧ કરોડ સુધીનો ઉથલો / ત્રિમાસિક | ૨ થી ૩ દિવસ, પ્રથમ ત્રણ ત્રિમાસ છેલ્લા ત્રિમાસ --૩ દિવસ. |
| ૬ | ૧ કરોડથી ૫ કરોડ / ત્રિમાસિક | ૩ દિવસ લેખે પ્રથમ ત્રણ ત્રિમાસ, છેલ્લા ત્રિમાસ– દિવસ. |

ઉપરોકત મર્યાદાને ધ્યાને લેતાં, પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના ઓડી માટે દિવસો ફાળવવામાં આવે તે જોવા સૂચના છે.

(૧) અત્રેની કચેરીના તા:૨૮/૧૨/૨૦૦૫ના પરિપત્ર ક્રમાંક: નિ અને અસ/અપણ/૧૨/૧૬૩૬/૨૦૦૫ ના મુદ્દા નં.(૧) અને (૩૦) થી ઓડીટ સમયે કાળ રાખવા જણાવેલ છે. તેનું ચુસ્તપણે પાલન થાય તે જોવું.

(૨) અત્રેની કચેરીના તા:૨૩/૧૨/૨૦૦૫ તા:૬/૩/૨૦૦૬ તથા તા: ૫/૩/૨૦૦૭નાં અનુક્રમે પત્રક્રમાંક: નિ અને અસ/અપણ/ટુર પ્રોગ્રામ/૧૬૨૪, નિ અને અસ/અપણ/૧૨૪૮/૦૬ તથા નિ અને અસ/અપણ–૧/૩૭૬/૦૭ ની સૂચનાઓને ધ્યાનમાં લેતાં, નીચે મુજબ અમલીકરણ થાય તે જોવું.

મંડળીનું કામકાજ નહિવત હોય, મંડળી ફડચામાં હોય , સ્થગિત હોય તેવા સંજોગોમાં કમ્પેઈન કરીને ઓડીટ કરવામાં આવે તો ૧ કરતાં પણ ઓછા દિવસમાં આવી મંડળીઓના ઓડીટ કરવા.

મંડળીની ભૌગોલિક પરિસ્થિતિ તથા મુસાફરીના કલાકો, મંડળીના આર્થિક વ્યવહારો ધ્યાને લઈ, ઓડીટરશ્રીની રજુઆત, ઓડીટરોની કુનેહ અને કાર્યક્ષમતાને ધ્યાને લઈ સ્પે.ઓડીટરશ્રીએ પોતાની કુનેહ અને વિવેકબુધ્ધિ અનુસાર ઓડીટ માટે ઉક્ત પરિસ્થિતિને ધ્યાને લેતાં દિવસોની ફાળવણી કરવા સૂચન છે.

ઉપર મુજબની સૂચનાઓનો ચુસ્તપણે અમલ, સમિતિના વર્ષ એટલે કે, તા:૧/૭/૨૦૦૭ થી કરવો અને પરિપત્ર મળ્યાની પહોંચ પાઠવવા જણાવવામાં આવે છે.

(બી.સી.પટેલ)
મુખ્ય કાર્યપાલક અધિકારી,
નિરિક્ષણ અને અન્વેષણ સમિતિ,
સહકારી ખાતુ, ગુ. રા.,અમદાવાદ.

પ્રતિ,
(૧) સ્પે. ઓડિટર (મિલ્ક),
મિલ્ક ઓડિટ ઓફીસ, તમામ.
(૨) રજિસ્ટ્રારશ્રી,
સહકારી મંડળીઓ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર. (સવિનય)
(૩) મેનેજીંગ ડીરેકટરશ્રી,
ગુજરાત રાજ્ય મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લી.,
આણંદ. (સવિનય)